અપીલ અરજી નં.૪૪૪ તા.૨૦–૩–૧૦

અરજદારઃ– શ્રી નાગજીભાઈ હરજીભાઈ વાઘાણી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નાગજીભાઈ હરજીભાઈ વાઘાણી ની તા.૧૧–૨–૧૦ ની અરજીથી હાલમાં સીધ્ધાર્થ સોસાયટી નં.૧ સર્વે નં.ઉ૨/૨ પૈકી ફા.પ્લોટ નં.૧૦ એફીલ ટાવરની પાછળ લંબે હનુમાન રોડ સુરત જમીનમાં ટેલિફોન ખાતાને ફાળવેલી જગ્યામાં જે બાંધકામ થયેલ તેની જમીનના માલિકના દસ્તાવેજ રજાચીઠ્ઠી પ્લાન મંજુર કરેલ છે તેની કઈ તારીખ અને કઈ સાલમાં મંજુર કરેલ તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૪/૨૦૦૯–૧૦

શ્રી નાગજીભાઈ હરજીભાઈ વાઘાણી ની તા.૧૧–૨–૧૦ની અરજીથી હાલમા સીધ્ધાર્થ સોસાયટી નં.૧ સર્વે નં.ઉ૨/૨ પૈકી ફા.પ્લોટ નં.૧૦ એફીલ ટાવરની પાછળ લંબે હનુમાન રોડ સુરત જમીનમાં ટેલિફોન ખાતાને ફાળવેલી જગ્યામાં જે બાંધકામ થયેલ તેની જમીનના માલિકના દસ્તાવેજ રજાચીઠ્ઠી પ્લાન મંજુર કરેલ છે તેની કઈ તારીખ અને કઈ સાલમાં મંજુર કરેલ તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૬૦૬ તા.૪–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૪ તા.૩૦–૩–૧૦ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલી માહિતી અંગે આપની કક્ષાએ કોઈ આનુષાંગિક આધાર કે સમર્થન હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૦૬ તા.૪–૩–૧૦ થી કચેરીના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય કોઈ માહિતી આપી શકાય તેમ નથી. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે રજાચિઠ્ઠી ,દસ્તાવેજ,પ્લાન રેકર્ડ નથી મળતા તે બાબત જણાવી તા.૨૦–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે મુળ અરજી સાથે તા.૧૦–૧–૮૫ ના રોજની શ્રી હશ્રીનકુમારના નામના ૭/૧૨ ની નકલ, પાર્ટપ્લાનની ઝેરોક્ષ નકલ તથા તા.૨૮–૨–૦૯ તેમજ ૧૫–૬–૮૭ વેરાબીલની રસીદ રજૂ કરેલ છે.

અરજદાર ધ્વારા બાંધકામ દસ્તાવેજ કે રજાચિઠ્ઠી સબંધમાં કોઈ આનુષાંગિક સમર્થન અપીલ તબકકે તક આપવા છતાં રજૂ કરેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયં ત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએ નહીં હોવાનું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો કચેરી ખાતેના બાંધકામ પરવાનગી રજીસ્ટરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં કરવા સ્વતંત્ર છે. જે અંગે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી લાગુ કિસ્સામાં અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નાગજીભાઈ હરજીભાઈ વાઘાણી